રોકાણકારોની શ્રદ્ધા અતૂટ અને વિશ્વાસનું પ્રતિક
ઈન્વેસ્ટમેન્ટ પ્રોફાઈલ®
www.nikhilbhatt.in
નિખિલ ભટ્ટ
+91 99390 80808

વેચવાલીના દબાણથી શેરબજાર નબળું, મુખ્ય સેક્ટરમાં વ્યાપક ઘટાડો...!!!

તા. ૧૨-૦૩-૨૦૨૬ ના રોજ સવારે ૧૦ કલાકે.... ગુરૂવારના ટ્રેડિંગ સેશન દરમિયાન ભારતીય શેરબજારમાં નોંધપાત્ર મંદી જોવા મળી હતી. મુખ્ય સૂચકાંકોમાં દિવસભર વેચવાલીનું દબાણ જોવા મળ્યું હતું, જેના કારણે બજારમાં રોકાણકારોના સેન્ટિમેન્ટ પર નકારાત્મક અસર પડી હતી. વૈશ્વિક બજારોમાંથી મળેલા નબળા સંકેતો, વિદેશી સંસ્થાગત રોકાણકારોની વેચવાલી તથા વૈશ્વિક આર્થિક અનિશ્ચિતતા બજારમાં ઘટાડા માટે મુખ્ય કારણ તરીકે સામે આવ્યા છે. મોટા કેપ સ્ટોક્સ સાથે સાથે મિડકેપ અને સ્મોલકેપ સેગમેન્ટમાં પણ વ્યાપક વેચવાલી જોવા મળતા બજારનો કુલ ટ્રેન્ડ નબળો રહ્યો હતો.

ટ્રેડિંગ સેશનની શરૂઆત નબળાઈ સાથે થઈ હતી અને દિવસ દરમિયાન બજાર સતત દબાણ હેઠળ રહ્યું હતું. બેન્કિંગ, આઈટી, મેટલ અને ઓટો જેવા મુખ્ય સેક્ટરમાં નોંધપાત્ર ઘટાડો નોંધાતા સૂચકાંકો નીચા સ્તરે ટ્રેડ થયા હતા. દિવસ દરમિયાન ઘણા સ્ટોક્સમાં નફાવસૂલ પ્રવૃત્તિ જોવા મળતા બજારમાં વ્યાપક વેચવાલી જોવા મળી હતી.

માર્કેટ બ્રેડ્થ : માર્કેટ બ્રેડ્થ નબળી રહી હતી. વધતા શેરોની સરખામણીએ ઘટતા શેરોની સંખ્યા નોંધપાત્ર રીતે વધારે રહી હતી, જે બજારમાં વ્યાપક વેચવાલી દર્શાવે છે. મિડકેપ અને સ્મોલકેપ સેગમેન્ટમાં પણ ઘટાડો જોવા મળ્યો હતો, જેના કારણે બજારનું કુલ સેન્ટિમેન્ટ નકારાત્મક રહ્યું હતું.

તેજીના મર્યાદિત કારણોસ:

બજારમાં સામાન્ય રીતે નબળાઈ હોવા છતાં કેટલાક ડિફેન્સિવ સેક્ટરમાં મર્યાદિત ખરીદી જોવા મળી હતી. ખાસ કરીને એફેમસીજી અને ફાર્મા સેક્ટરમાં રોકાણકારોએ સ્થિર આવક અને મજબૂત ફંડામેન્ટલને ધ્યાનમાં રાખીને પસંદગી આધારિત ખરીદી કરી હતી. કેટલાક ગુણવત્તાવાળા સ્ટોક્સમાં લાંબા ગાળાના રોકાણકારો દ્વારા ખરીદી નોંધાઈ હતી.

મંદીના મુખ્ય કારણો:

બજારમાં મંદી માટે અનેક પરિબળો જવાબદાર રહ્યા છે. વૈશ્વિક બજારોમાં જોવા મળેલી નબળાઈ અને અમેરિકામાં વ્યાજદર અંગેની અનિશ્ચિતતા રોકાણકારોને સાવચેત બનાવી રહી છે. ઉપરાંત વિદેશી સંસ્થાગત રોકાણકારો દ્વારા સતત વેચવાલી બજાર પર દબાણ ઊભું કરી રહી છે.ક્રૂડ ઓઈલના ભાવમાં વધારો, જીઓ-પોલિટિકલ તણાવ અને વૈશ્વિક અર્થવ્યવસ્થામાં ધીમા વિકાસના સંકેતો પણ બજાર માટે નકારાત્મક પરિબળ તરીકે સામે આવ્યા છે.

વૈશ્વિક બજારોની અસર:

વૈશ્વિક બજારોની નબળાઈનો સીધો પ્રભાવ ભારતીય શેરબજાર પર જોવા મળ્યો છે. અમેરિકન અને યુરોપિયન બજારોમાં થયેલા ઘટાડાના કારણે ઉભરતા બજારોમાં રોકાણકારોની સાવચેતી વધતી જોવા મળી છે. વૈશ્વિક સ્તરે વ્યાજદરની નીતિ, મોંઘવારીના આંકડા તથા આર્થિક વૃદ્ધિ અંગેની ચિંતાઓ બજારના સેન્ટિમેન્ટને અસર કરી રહી છે.

તાજેતરના વૈશ્વિક સમાચાર મુજબ કેટલાક મોટા અર્થતંત્રોમાં આર્થિક વૃદ્ધિ ધીમી થવાના સંકેતો જોવા મળી રહ્યા છે. જીઓ-પોલિટિકલ તણાવ, વેપાર સંબંધિત અનિશ્ચિતતા અને ઊર્જા બજારમાં વધતી અસ્થિરતા વૈશ્વિક બજારોને અસર કરી રહી છે.આ પરિસ્થિતિ ઉભરતા બજારો માટે ટૂંકા ગાળે પડકાર ઉભા કરી શકે છે, જેના કારણે રોકાણકારો જોખમવાળા એસેટમાંથી સાવચેત રહેતા જોવા મળી રહ્યા છે.

સ્થાનિક પરિબળો:

સ્થાનિક સ્તરે કેટલાક સ્ટોક્સમાં ઊંચા મૂલ્યાંકનને કારણે રોકાણકારો દ્વારા નફાવસૂલ પ્રવૃત્તિ જોવા મળી છે. ઉપરાંત વૈશ્વિક પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને બજારમાં સાવચેતીપૂર્ણ ટ્રેડિંગ જોવા મળી રહ્યું છે. તેમ છતાં ભારતની આર્થિક વૃદ્ધિ અને મજબૂત મેક્રો આર્થિક પરિબળો લાંબા ગાળે બજાર માટે સકારાત્મક માનવામાં આવે છે.

સેક્ટરવાઇઝ થયેલી મૂવમેન્ટ:

સેક્ટરવાઈઝ જોવામાં આવે તો બેન્કિંગ, આઈટી, મેટલ અને ઓટો સેક્ટરમાં નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો હતો. ખાસ કરીને મેટલ સેક્ટરમાં વૈશ્વિક માંગમાં ઘટાડાના સંકેતોના કારણે દબાણ રહ્યું હતું.બીજી તરફ એફેમ્સીજી અને ફાર્મા સેક્ટરમાં મર્યાદિત ખરીદી જોવા મળી હતી, જેના કારણે આ સેક્ટરમાં ઘટાડો મર્યાદિત રહ્યો હતો.

કોમોડિટી બજાર અપડેટ:

કોમોડિટી બજારમાં મિશ્ર ટ્રેન્ડ જોવા મળ્યો હતો. ગોલ્ડના ભાવમાં વધારો નોંધાયો હતો કારણ કે વૈશ્વિક અનિશ્ચિતતા વચ્ચે રોકાણકારો સલામત રોકાણ તરીકે ગોલ્ડ તરફ વળ્યા હતા. સિલ્વરમાં મિશ્ર ચળવળ જોવા મળી હતી.

બેઝ મેટલ્સમાં વૈશ્વિક માંગમાં ઘટાડાના કારણે કેટલાક મેટલ્સના ભાવ પર દબાણ જોવા મળ્યું હતું. બીજી તરફ ક્રૂડ ઓઈલના ભાવમાં વધારો નોંધાતા વૈશ્વિક મોંઘવારી અંગે ચિંતાઓ વધતી જોવા મળી છે.

નિફ્ટી ફ્યુચર ટ્રેન્ડ : નિફ્ટી ફ્યુચરમાં શરૂઆત મંદી તરફી ટ્રેન્ડમાં જોવાં મળી છે. ટ્રેડિંગના સંદર્ભમાં જોઈએ તો ૨૩૬૦૬ પ્રથમ અને ૨૩૫૭૦ અતિ મહત્વના સ્ટ્રોંગ સપોર્ટ લેવલ છે. ઉપરની તરફ ૨૩૭૦૭ થી ૨૩૭૩૭ ની સપાટી સ્પર્શી શકે છે. ૨૩૭૭૦ પોઈન્ટ નજીક નવી પોઝિશન બનાવતી વખતે સાવધાનીપૂર્વક કામકાજ કરવાની સલાહ છે.

સ્ટોક સ્પેશિફિક ટ્રેન્ડ :

બજાજ ફાઈનાન્સ (૮૮૧) : નોન બેન્કિંગ ફાઈનાન્શ્યલ કંપની આ કંપનીના શેરનો ભાવ હાલમાં રૂા.૮૬૪ આસપાસ પ્રવર્તી રહ્યો છે. રૂા.૮૫૫ ના સ્ટ્રોંગ સપોર્ટથી આ સ્ટોક ટૂંકા સમયગાળે રૂા.૮૯૩ થી રૂા.૮૯૮ આસપાસ ભાવ સપાટી નોંધાવે તેવી શક્યતા છે...!! રૂા.૯૦૯ ઉપર તેજી તરફી ધ્યાન...!!

એચડીએફસી બેંક (૮૨૬) : એ/ટી+૧ ગ્રુપનો આ સ્ટોક રૂા.૮૦૩ આસપાસ પોઝીટીવ બ્રેકઆઉટ!! રૂા.૭૯૭ ના સપોર્ટથી આ સ્ટોક રૂા.૮૩૪ થી રૂા.૮૪૦ આસપાસ ભાવ સપાટી નોંધાવે તેવી સંભાવના છે...!!

ડીએલએફ લીમીટેડ (૫૫૫) : રૂા.૫૩૩ નો પ્રથમ તેમજ રૂા.૫૨૦ બીજા સ્ટ્રોંગ સપોર્ટથી રેસિડેન્ટીએલ, કોમર્શિઅલ પ્રોજેક્ટસ સેક્ટરનો રોકાણલક્ષી આ સ્ટોક રૂા.૫૬૭ થી રૂા.૫૭૫ આસપાસ ભાવ સપાટી નોંધાવે તેવી શક્યતા છે...!!

ઓઈલ ઇન્ડિયા લીમીટેડ (૪૭૫) : ઓઈલ એક્સપ્લોરેશન એન્ડ પ્રોડ્યુકશન સેક્ટરનો આ સ્ટોક ટ્રેડીંગલક્ષી રૂા.૪૮૮ થી રૂા.૪૯૪ ના ભાવ સપાટીની રેન્જ મુવમેન્ટ પરાવે છે!! અંદાજીત રૂા.૪૬૦ નો સ્ટ્રોંગ સપોર્ટ ધ્યાને લેવો...!!!

આગામી ટ્રેન્ડ અને બજાર દિશા

આગામી ટ્રેડિંગ સેશનમાં બજારની દિશા મુખ્યત્વે વૈશ્વિક બજારોની ચાલ, ક્રૂડ ઓઈલના ભાવ, આર્થિક ડેટા તથા વિદેશી રોકાણકારોની ગતિવિધિ પર આધારિત રહેશે. જો વૈશ્વિક અનિશ્ચિતતા ચાલુ રહેશે તો બજારમાં ટૂંકા ગાળે અસ્થિરતા યથાવત રહી શકે છે.કુલ મળીને તાજેતરના ટ્રેડિંગ સેશન દરમિયાન ભારતીય શેરબજારમાં નબળાઈ જોવા મળી હતી અને રોકાણકારો સાવચેતીપૂર્વક ટ્રેડિંગ કરતા જોવા મળ્યા હતા. વૈશ્વિક પરિસ્થિતિ, વિદેશી રોકાણકારોની વેચવાલી અને આર્થિક અનિશ્ચિતતા બજાર પર દબાણ ઊભું કરી રહી છે.તેથી છતાં લાંબા ગાળે ભારતની મજબૂત આર્થિક વૃદ્ધિ અને મજબૂત ફંડામેન્ટલ બજાર માટે સકારાત્મક આધાર પૂરું પાડે છે. તેથી રોકાણકારોએ ટૂંકા ગાળાની અસ્થિરતા વચ્ચે ગુણવત્તાવાળા સ્ટોક્સમાં વિચારપૂર્વક રોકાણ કરવાની વ્યૂહરચના અપનાવવી યોગ્ય રહેશે.

ખાસ નોંધ: ડિસ્ક્લેમર/પોલિસી/શરતો www.nikhilbhatt.in ને આધીન

હાલારની વિદ્યાર્થિની માટે યોજાયેલી આ સ્પર્ધાના વિજેતાઓને મહાનુભાવોના હસ્તે પુરસ્કાર:

જામનગરમાં આર્યસમાજ દ્વારા ત્રિદિવસીય વકતૃત્વ સ્પર્ધા સંપન્ન

જામનગર તા. ૧૨: આર્યસમાજ જામનગર દ્વારા જામનગર શહેર અને દ્વારકા જિલ્લાની વિદ્યાર્થિનીઓની ત્રિદિવસીય વકતૃત્વ સ્પર્ધા સંપન્ન થઈ છે. જેના વિજેતાઓને પ્રોત્સાહક ઈનામો અપાયા હતાં.

શ્રી આર્યસમાજ-જામનગરના ૯૮ માં વાર્ષિકોત્સવ અને શ્રીમદ્ દયાનંદ કન્યા વિદ્યાલયના ૭૮ માં વાર્ષિકોત્સવ પ્રસંગે જામનગર શહેર અને દ્વારકા જિલ્લાની વિદ્યાર્થિનીઓની ત્રિદિવસીય વકતૃત્વ સ્પર્ધાનું આયોજન તાજેતરમા કરવામાં આવ્યું હતું.

પ્રાથમિક વિભાગની સ્પર્ધા સ્મૃતિશેષ છગનલાલ રામજીભાઈ મહેતા અને સ્મૃતિશેષ શ્રી ગંગાબેન છગનલાલ મહેતાની પુણ્યસ્મૃતિમાં, માધ્યમિક વિભાગની સ્પર્ધા સ્મૃતિશેષ ભાણજીભાઈ સંઘરાજભાઈ પટેલ અને સ્મૃતિશેષ રામાણી મહેશભાઈ ભાણજીભાઈ પટેલની પુણ્યસ્મૃતિમાં અને ઉચ્ચતર માધ્યમિક વિભાગની સ્પર્ધા સ્મૃતિશેષ જયંતિલાલ ગોકલદાસ ઠક્કર અને સ્મૃતિશેષ ઉષાબેન ધીરજલાલ બરછાની પુણ્યસ્મૃતિમાં યોજવામાં આવી. આ ત્રણેય સ્પર્ધામાં કુલ ૯૦ વિદ્યાર્થિનીએ ભાગ લીધો હતો.

આ સમારંભના અધ્યક્ષ તરીકે ગુજરાત પ્રાંતીય આર્ય પ્રતિનિધિ સભાના મહામંત્રી, બૃહદ સૌરાષ્ટ્ર આર્ય પ્રાદેશિક સભા, જામનગર જિલ્લા ગ્રાન્ટેડ શાળા સંચાલક મંડળ અને આર્યસમાજ જામનગર ના પ્રમુખ દીપકભાઈ ઠક્કર રહેલ.

અતિથિ વિશેષ તરીકે જામનગર દક્ષિણ (૭૯)ના ધારાસભ્ય દિવ્યેશભાઈ અકબરી, ચેમ્બર્સ ઓફ કોમર્સ ઈન્ડસ્ટ્રીના પ્રમુખ રમણિકભાઈ અકબરી, ગુજરાત રાજ્ય નગર પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખ ચંદ્રકાંતભાઈ ખાખરીયા, જામનગર જિલ્લા માધ્યમિક સંઘના પ્રમુખ મહેશભાઈ મુંગરા, ઉમિયા પરિવાર ટ્રસ્ટ ધ્રોલના ટ્રસ્ટી બી.જી.કાનાણી, પી.બી. એન્ડ બી.બી. હીરપરા કન્યા વિદ્યાલયના ટ્રસ્ટી જમનભાઈ તારપરા, નેશનલ હાઈસ્કૂલના પ્રિન્સિપાલ ધર્મેન્દ્રભાઈ ગોહિલ, જી.એસ. મહેતા ગર્લ્સ હાઈસ્કૂલના આચાર્યા હીનાબેન તન્ના, જી.ડી. શાહ ગ્રુપ ઓફ સ્કૂલના આચાર્યા ઝંખનાબેન વાછાણી ઉપસ્થિત રહ્યા હતા.

પ્રાથમિક વિભાગની સ્પર્ધામાં પ્રથમ નંબર કુ. જખુ હેતવી ગૌતમભાઈ (શ્રીમતી પાર્વતીદેવી વિદ્યા મંદિર પ્રાથમિક શાળા), દ્વિતીય નંબર કુ. ચૌહાણ હર્ષાલી રાજેશભાઈ (નગર પ્રાથમિક શાળા નંબર ૪૬ જામનગર), તૃતીય નંબર કુ. નાનાણી રીયા જીગ્નેશભાઈ (માતૃશ્રી નવલબેન જી. શાહ ગુજરાતી પ્રાથમિક શાળા) અને શ્રીમદ્ દયાનંદ કન્યા વિદ્યાલયની વિદ્યાર્થિનીઓની આંતરિક સ્પર્ધાના વિજેતા પ્રથમ નંબર કુ. વાઘેલા વિશ્વા ચેતનભાઈ, દ્વિતીય નંબર કુ. દવે રિદ્ધિ જગદીશભાઈ, તૃતીય કુ. ચૌહાણ માહી હિરેનભાઈએ પ્રાપ્ત કર્યા હતા.

માધ્યમિક વિભાગની સ્પર્ધામાં પ્રથમ નંબર કુ. રાઠોડ લક્ષ્મી ધીરજભાઈ (કાલિંદી સેકન્ડરી હાયર સેકન્ડરી વર્લ્ડ સ્કૂલ-જામનગર), દ્વિતીય નંબર કુ. અગ્રાવત કોમલ રાજેશભાઈ (શ્રી આર. આર. શાહ હાઈસ્કૂલ જામનગર), તૃતીય નંબર કુ. વીંધાણી ફીઝાબાનુ ઈરફાનભાઈ (શ્રીમતી જી. એસ. મહેતા મ્યુનિસિપલ કન્યા વિદ્યાલય-જામનગર) અને શ્રીમદ્ દયાનંદ કન્યા વિદ્યાલયની વિદ્યાર્થિનીઓની આંતરિક સ્પર્ધાના વિજેતા પ્રથમ નંબર કુ. મણવર કશીશ રમેશભાઈ, દ્વિતીય નંબર કુ. રાઠોડ પલક કમલભાઈ, તૃતીય નંબર કુ. ગોસ્વામી નીયતી જીગ્નેશગીરીએ પ્રાપ્ત કર્યા હતા.

ઉચ્ચતર માધ્યમિક વિભાગની સ્પર્ધામાં પ્રથમ નંબર કુ. સમા અલવીરા આરીફભાઈ (શ્રી રતનબાઈ કન્યા વિદ્યાલય - જામનગર), દ્વિતીય નંબર કુ. બરછા હિરવા ધવલભાઈ (પ્રાઈમ સ્કૂલ - જામનગર), તૃતીય નંબર કુ. ગજરા ખુશી જયેશભાઈ (શ્રી સત્યસાઈ વિદ્યાલય) અને શ્રીમદ્ દયાનંદ કન્યા વિદ્યાલયની વિદ્યાર્થિનીઓની આંતરિક સ્પર્ધાના વિજેતા પ્રથમ નંબર કુ. હરવરા રિયા રમેશભાઈ, દ્વિતીય નંબર કુ. મહેતા પરી સંદીપભાઈ, તૃતીય નંબર કુ. ગોરેચા ઊર્મિ હરીશભાઈએ પ્રાપ્ત કર્યા હતા.

આ સ્પર્ધામાં સંસ્થા તરફથી પ્રથમ, દ્વિતીય અને તૃતીય નંબરને પુરસ્કારો અને શિલ્ડ સંસ્થાના પ્રમુખ દિપકભાઈ ઠક્કર, માનદ્મંત્રી ધવલભાઈ બરછા, કોષાધ્યક્ષ વિનુભાઈ નાંઢા, ઉપપ્રમુખ વિજયભાઈ ચૌહાણ, ઉપમંત્રી મનોજભાઈ નાંઢા, પુસ્તકાધ્યક્ષ જગદીશભાઈ મકવાણા, અંતરંગ સદસ્ય તેજભાઈ ઠક્કર, આર્ય વિદ્યાસભા-જામનગરના સદસ્યો રામભાઈ બરછા, નીમુબેન રામાણી અંતરંગ નિમંત્રિત સદસ્ય આશાબેન ઠક્કર, સુનિતાબેન ખત્રા તેમજ નિર્ણાયકો ડીજીટી શિક્ષણ મહાવિદ્યાલય અલીયાબાડાના આચાર્યા ડો. રૂપલબેન માંકડ, મીનાક્ષી બી.એડ. કોલેજ લાખાબાવળના આચાર્યા દિનાબેન ત્રિવેદી, જી.ડી. શાહ હાઈસ્કૂલ-જામનગરના આચાર્યા રશ્મીબેન કંડોરિયા, સરદાર પટેલ હાઈસ્કૂલ જામનગરના આચાર્યા તૃપ્તિબેન ચોવટિયા, વિનય વિદ્યા મંદિર ધુંવાવના આચાર્યા ધકુબેન મકવાણા, એ.બી. વિરાણી વિદ્યાલય શિક્ષિકા વિલાસબેન સોજીત્રા દ્વારા આપવામાં આવ્યા હતાં.

દરેક સ્પર્ધકને પ્રોત્સાહક પારિતોષિકો દીપકભાઈ ઠક્કર, ધવલભાઈ બરછા અને રોકડ પુરસ્કાર સ્મૃતિશેષ મહેશભાઈ ભાણજીભાઈ રામાણી પરિવાર તરફથી આપવામાં આવ્યા હતાં.

સંસ્થા, શાળા અને સ્પર્ધાનો પરિચય શ્રીમદ્ દયાનંદ કન્યા વિદ્યાલય-માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગના આચાર્યા પ્રફુલ્લાબેન રૂપડીયાએ આપેલ હતો. આભાર દર્શન શ્રીમદ્ દયાનંદ કન્યા વિદ્યાલય માધ્યમિક વિભાગના શિક્ષિકા હેતલબેન કાટબામણાએ કર્યું હતું.

કાર્યક્રમનું આયોજન આર્યસમાજ-જામનગરના પ્રમુખ દીપકભાઈ જયંતિલાલ ઠક્કર, માનદ્મંત્રી ધવલભાઈ ધીરજલાલ બરછા, શ્રીમદ્ દયાનંદ કન્યા વિદ્યાલયના માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક વિભાગના આચાર્યા પ્રફુલ્લાબેન રૂપડીયા અને પ્રાથમિક વિભાગના આચાર્યા સંગીતાબેન મોતીવરસના માર્ગદર્શન હેઠળ નીપાબેન મકવાણા, મીન્ટુબેન ચોવટીયા, હેતલબેન દેલવાડીયા, નિરૂપાબેન હુંબલ, અસ્માબેન મુન્દ્રા, ઉષાબેન જગોદ્રા, ધરતીબેન વસરા, કોષાબેન માંકડ, મીતાબેન જાની, રાધિકાબેન માણેક, નીકીતાબેન વારા, પારૂલબેન પરમાર અને શિક્ષકગણ અને સેવકો દ્વારા સંપન્ન કરવામાં આવ્યું હતું.

પૂ.કૃષ્ણમણીજી મહારાજે પાઠવ્યા આશિષ:

જામનગર શહેર ભાજપના નવનિયુક્ત પ્રભારી ખીજડા મંદિરની મુલાકાતે

તાજેતરમાં શહેર ભાજપ સંગઠનના પ્રભારી તરીકે ધનસુખભાઈ ભંડેરીની નિમણૂક કરવામાં આવી છે. સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણી પહેલા સંગઠનમાં આ નવી અગત્યની જવાબદારી મળતા ધનસુખભાઈ દ્વારા નગરના શ્રીપ નવતનપુરીધામ ખીજડા મંદિરની મુલાકાત લેવામાં આવી હતી. આ તકે ખીજડા મંદિરના મહંત પૂ. કૃષ્ણમણીજી મહારાજ દ્વારા ધનસુખભાઈને ખેસ અર્પણ કરી આશીર્વાદ પાઠવવામાં આવ્યા હતા. આ તકે સંસ્થા સંલગ્ન કિંજલભાઈ કારસરીયા પણ ઉપસ્થિત રહ્યા હતા.

અર્ક જીવનમાં જે કંઈપણ મળે છે એ ગુમાવેલા કરતા સારૂં જ હોય છે.

આશાદીપ વિકલાંગ કલ્યાણકારી ટ્રસ્ટમાં

દિવ્યાંગ સ્વાભિમાન સમર્પણ ચિંતન શિબિર

જામનગર તા. ૧૨: જામનગર સ્થિત આશાદીપ વિકલાંગ કલ્યાણકારી ટ્રસ્ટમાં તાજેતરમાં દિવ્યાંગ સ્વાભિમાન સમર્પણ ચિંતન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. જામનગર શહેર ભાજપ લઘુમતી મોરચાના પ્રમુખ ઉમરભાઈ બ્લોચના અધ્યક્ષસ્થાને આયોજિત આ શિબિરમાં દિવ્યાંગો માટે ઉપયોગી કલ્યાણલક્ષી વિવિધ યોજનાઓ સહિતની બાબતે માહિતી આપવામાં આવી હતી, તેમજ દિવ્યાંગોની સમસ્યા અંગે ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી.

આ તકે મુખ્ય મહેમાન તરીકે હારૂનભાઈ આંબલિયા (અલુભાઈ પટેલ), જુનેદાભાઈ જુણેજા, અતિથિ વિશેષ તરીકે અબ્દુલ રહીમ બ્લોચ વિગેરે ઉપસ્થિત રહ્યા હતાં.

આ શિબિરને સફળ બનાવવા પેરા સ્પોર્ટસ એસોસિએશનના પ્રમુખ અમૃતિયાભાઈ, ઉપપ્રમુખ શિવદાસભાઈ ગુજરિયા, દિવ્યાંગ મહિલા અધિકાર સમિતિ-જામનગરના હોદ્દેદારો પ્રફુલ્લાબેન મંગે, કુલસમબેન શેખ વિગેરેએ જહેમત ઉઠાવી હતી.

ખંભાળીયા

યોગ વિષયમાં પીએચ.ડી.ની પદવી

ખંભાળીયા તા. ૧૨: ખંભાળીયાના હર્ષદપુર વિસ્તારમાં રહેતા અને સામાન્ય પરિવારના યુવાન મુકેશ પરમાર દ્વારા તાજેતરમાં યોગ વિષયમાં પીએચ.ડી.ની પદવી પ્રાપ્ત કરીને ખંભાળીયાનું ગૌરવ વધાર્યું છે. ડો. મુકેશ પરમારે અમદાવાદની લકુલીશ યોગા યુનિવર્સિટીમાં યોગ અષ્ટાંગ યોગ વિષયમાં ગાઈડ ડો. જે.કે. સાવલીયાના માર્ગદર્શન હેઠળ પીએચ.ડીની આ પદવી મેળવી છે.

આપની આવતીકાલ

જ્યોતિષી: ઋષિ બટુકભાઈ શાસ્ત્રી, મો. ૯૮૯૯ ૧૦૮૮૪

મેષ (અ-લ-ઈ) — આપના યશ-પદ-ધનમાં વધારો થાય તેવી કાર્યસ્થના થવાથી આનંદ રહે. અગત્યના કામ અંગે મુલાકાત થાય. શુભ રંગ: મરૂન | શુભ અંક: ૧-૮

વૃષભ (બ-વ-ઉ) — આપને કામકાજમાં પ્રગતિ જણાય. જમીન-મકાન-વાહનના કામમાં ઉતાવળ કરવી નહીં. ઉચાટ રહે. શુભ રંગ: સફેદ | શુભ અંક: ૨-૬

મિથુન (ક-ઘ-છ) — આપના રૂકાવટ-વિલંબમાં અટવાઈ પડેલા કામનો ધીરે ધીરે ઉકેલ આવતો જાય. વાણીની મીઠાશથી સરળતા રહે. શુભ રંગ: ગુલાબી | શુભ અંક: ૯-૩

કર્ક (ડ-હ) — આપના કામમાં હરિફવર્ગ-ઈર્ષા કરનાર વર્ગની મુશ્કેલી જણાય. આકસ્મિક ખર્ચ-ખરીદીને કારણે નાણાભીડ રહે. શુભ રંગ: ગ્રે | શુભ અંક: ૭-૪

સિંહ (મ-ટ) — આપના અગત્યના કામનો ઉકેલ આવવાથી રાહત જણાય. રાજકીય-સરકારી કામ અંગે મુલાકાત થાય. શુભ રંગ: જાંબલી | શુભ અંક: ૩-૬

કન્યા (પ-ઠ-ણ) — આપે તન-મન-ધન-વાહનથી સંભાળીને શાંતિથી દિવસ પસાર કરી લેવો. કૌટુંબિક પ્રશ્ને ચિંતા અનુભવાય. શુભ રંગ: મોરપીંછ | શુભ અંક: ૫-૮

તુલા (ર-ત) — દેશ-પરદેશના, આયાત-નિકાસના કામમાં આપને સાનુકૂળતા મળી રહે. નોકર-ચાકરવર્ગનો સહકાર મળી રહે. શુભ રંગ: કેસરી | શુભ અંક: ૭-૨

વૃશ્ચિક (ન-ય) — દિવસના પ્રારંભથી જ આપે સતત કોઈને કોઈ કામમાં વ્યસ્ત રહેવાનું બને. જમીન-મકાનના કામમાં ધ્યાન રાખવું. શુભ રંગ: મેંદી | શુભ અંક: ૬-૯

ધન (ભ-ધ-ફ-ઢ) — આપના કામમાં આકસ્મિક સાનુકૂળતા મળી રહેતા કામનો ઝડપથી ઉકેલ લાવી શકો. પરદેશના કામમાં સરળતા રહે. શુભ રંગ: લીલો | શુભ અંક: ૮-૪

મકર (ખ-જ) — રાજકિય-સરકારી, ખાતાકીય કામમાં આપે સાવધાની રાખવી પડે. વાદ-વિવાદ, ગેરસમજથી સંભાળવું પડે. શુભ રંગ: વાદળિ | શુભ અંક: ૫-૨

કુંભ (ગ-શ-ષ) — આપના ગણતરી ધારણા પ્રમાણેનું કામ થવાથી આનંદ અનુભવો. મહત્ત્વના નિર્ણય લેવામાં સરળતા જણાય. શુભ રંગ: લાલ | શુભ અંક: ૬-૪

મીન (દ-ચ-ઝ-થ) — આપના કાર્યની સાથે સામાજિક-વ્યાવહારિક કાર્યમાં આપે વ્યસ્ત રહેવાનું થાય. ધીરે ધીરે કામનો ઉકેલ આવે. શુભ રંગ: પીળો | શુભ અંક: ૩-૬

આવતીકાલનું પંચાગ

સુર્યોદય: ૦૬-૫૮ સુર્યાસ્ત: ૬-૫૫

દિવસના ચોઘડીયા
(૧) ચલ (૨) લાભ (૩) અમૃત (૪) કાળ (૫) શુભ (૬) રોગ (૭) ઉદ્વેગ (૮) ચલ

રાત્રિના ચોઘડીયા
(૧) રોગ (૨) કાળ (૩) લાભ (૪) ઉદ્વેગ (૫) શુભ (૬) અમૃત (૭) ચલ (૮) રોગ

વિક્રમ સંવત: ૨૦૮૨, ફાગણ વદ-૧૦ : તા. ૧૩-૦૩-૨૦૨૬, ગુરુવાર
જૈન સંવત: ૨૫૫૨, શાલિવાહન: ૧૯૪૭, હુગ્રાબ્દ: ૧૫૨૭, પારસી રોજ : ૦૧, મુસ્લિમ રોજ: ૨૩, નક્ષત્ર: પૂર્વાષાઢા, યોગ: વ્યતિપાત, કરણ: વણિજ

જન્મેલાનું વર્ષફળ

તા. ૧૩ - માર્ચના દિવસે

આ સમયમાં નોકરી-ધંધામાં આપના કામ થતા જાય. સંયુક્ત ધંધામાં ભાઈ-ભાંડુનો સાથ-સહકાર મળી રહે. સિઝનલ ધંધામાં આકસ્મિક ઘરાકી રહે. પરદેશના કામમાં પ્રગતિ જણાય. નાણાકીય બાબતે આવકમાં વધારો થાય. આકસ્મિક ખર્ચ ઓછા થતાં બચત થઈ શકે. વિદ્યાર્થીવર્ગને અભ્યાસમાં સરળતા રહે. સ્વજનોનો સાથ-સહકાર પ્રાપ્ત થાય.

બાળકની રાશિ: ધન

શબ્દવ્યૂહ ૭૪૧૨



આડી ચાવી
૧. આપમેળે ઊગી નીકળતું ધાન્ય----------(૪
૩. યુદ્ધ કે એને લગતું----(૪
૫. વિનમ્ર માંગણી--------(૩
૬. તેજાના તરીકે વપરાતી એક વૃક્ષની છાલ-----(૨
૮. યોગ્ય લાયકાત વિનાનું-(૪
૧૦.આદત, ટેવ----------(૨
૧૧.મંદ, સુસ્ત----------(૨
૧૨.પર્વત કે સરોવરમાંથી ઉદ્ભવતો વિસ્તૃત જળપ્રવાહ----------(૨
૧૫.સ્ત્રીનો ધણી --------(૨
૧૮.ગરીબ ----------(૨
૨૦.જેની કોઈ લાયકાત નથી તે----------(૪
૨૧.જંગલ, અરણ્ય -------(૨
૨૨.બેસવા માટેનું જાડું-મોટું પાથરણું ----------(૩
૨૩.બીક, ડર----------(૨
૨૪.બોલવાની અને સ્વાદ લેવાની ઇન્દ્રિય ------(૨
૨૬.પતરાં વગેરે કાપતાં વધેલા નકામા ટુકડા---(૪
૨૭.સિદ્ધિ, સફળતા------(૨

ઊભી ચાવી
૧. સહન શક્તિવાળું -----(૪
૨. પુરૂષ વંધ્યીકરણ -----(૪
૩. સુંદર-મોહક સ્ત્રી -----(૩
૪. સાંઈઠ સેકન્ડનો સમય -(૩
૭. સંભાળપૂર્વક ઉછેર ----(૩
૯. ફાયદો ----------(૨
૧૩.મોટી બહેન----------(૨
૧૪.નામ વિનાનું ---------(૩
૧૫.ઉંમર ----------(૨
૧૬.સંખ્યા ----------(૩
૧૭.પ્રાણઘાતક ---------(૪
૧૯.નાજૂકાઈ ----------(૪
૨૩.બીક, ભય ----------(૨
૨૫.ડર ----------(૨

આડી ચાવી: (૧) ગોપનીય (૩) ગોવાળિયો (૬) સામેલ (૭) રમૂજ (૯) રદ (૧૦) ઠના (૧૧) ઘર (૧૨) વતન (૧૪) જંગ (૧૬) નડતર (૧૭) સહોદર (૧૯) ખફા (૨૩) નીર (૨૫) દાવો (૨૬) સહિયર (૨૭) તમામ

ઉકેલ કોયડા નં. ૭૪૧૧

ઊભી ચાવી: (૧) ગોબર (૨) નીપજ (૩) ગોમેદ (૪) વાલ (૭) યોજના (૬) સારસ્વત (૮) મૂડમેડ (૧૦) ફરજંદ (૧૨) વરખ (૧૩) નસ (૧૫) ગરમાવો (૧૮) હોજ (૨૦) ફાની (૨૫) વાસ (૨૨) જય (૨૪) રત (૨૫) દમ